પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૨૫ | ૨૬ ઓક્ટોબર, ૨૦૧૭, ગુરૂવાર ; કારતક સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# રાજ્યમાં ૯મી અને ૧૪મી ડિસેમ્બરે મતદાન




નવી દિલ્હી, તા. ૨૫

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી માટેનો કાર્યક્રમ આજે જાહેર કરવામાં આવ્યો હતો. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલા અટકળોનો અંત આવ્યો હતો. ગુજરાતમાં બે તબક્કામાં ૯મી અને ૧૪મી ડિસેમ્બરના દિવસે ચૂંટણી યોજાશે. પ્રથમ તબક્કામાં ૯મી ડિસેમ્બરના દિવસે ૮૯ વિધાનસભા બેઠકો માટે મતદાન થશે જ્યારે બીજા તબક્કામાં ૧૪મી ડિસેમ્બરના દિવસે ૯૩ વિધાનસભા બેઠકો માટે મતદાન થશે. ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં બંને જગ્યાઓએ મતગણતરી એક જ દિવસે એટલે કે ૧૮મી ડિસેમ્બરે થશે. ગુજરાત ચૂંટણીમાં આ વખતે ૫૦૧૨૮ પોલિંગબુથ અથવા તો મતદાન મથકો ઉભા કરવામાં આવ્યા છે. ગોવા બાદ હિમાચલ અને ગુજરાત એવા રાજ્ય બની ગયા છે જ્યાં ચૂંટણીમાં ૧૦૦ ટકા વીવીપેટ મશીનનો ઉપયોગ કરવામાં આવશે. મુખ્ય ચૂંટણી કમિશનર એકે જ્યોતિએ ગુજરાત ચૂંટણીની જાહેરાત કરતા કહ્યું હતું કે, પ્રદેશમાં ૧૦૦ ટકા સ્વતંત્ર અને નિષ્પક્ષ ચૂંટણી યોજવામાં આવશે. વીવીપેટ ઉપરાંત હાઈપ્રોફાઈલ ગુજરાત ચૂંટણી માટે અન્ય કેટલાક પગલા પણ લેવામાં આવી રહ્યા છે. આ ચૂંટણીમાં નજર રાખવા માટે અને પેમેન્ટ સુધીમાં આઈટીનો ઉપયોગ કરવામાં આવશે. લોકોની સુવિધા માટે એક મોબાઈલ એપ પણ રહેશે જેના ઉપર ચૂંટણી સાથે જોડાયેલી ફરિયાદોને દૂર કરી શકાશે. ઉમેદવારો અને રાજકીય પક્ષો માટે પણ એક સુવિધા એપ રહેશે. આ ઉપરાંત ચૂંટણી દરમિયાન એક ઈ એટલસ પણ રહેશે જેના પર વાસ્તવિક ટાઈમ અપડેટ જાણવા મળશે. ઉમેદવારો એફિડેવિટમાં કોઈપણ કોલમને ખાલી છોડી શકશે નહીં. જો આવું થશે તો એક વખતે ઉમેદવારને નોટિસ મળશે. ઉમેદવારી પણ રદ કરવામાં આવી શકે છે. પોલિંગ બૂથ ઉપર વિડિયોગ્રાફી અને સીસીટીવી પણ રહેશે. અરજી દાખલ કરવા, ચકાસણી અને ચૂંટણી પ્રચાર સહિત ચૂંટણી સાથે સંબંધિત તમામ ગતિવિધિમાં વિડિયો રેકોર્ડિંગ કરવામાં આવશે. સુરક્ષિત માહોલમાં ચૂંટણી કરવા માટે પુરતી તૈયારી કરવામાં આવી છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, પુરતી સંખ્યામાં સુરક્ષા જવાનો તૈનાત કરવામાં આવશે. સંવેદનશીલ અને અતિસંવેદનશીલ પોલિંગ બુથ ઉપર ખાસ વ્યવસ્થા કરવામાં આવી રહી છે. ડીએમ અને પોલીસ અધિકારીઓની જવાબદારી રહેશે કે સ્વતંત્ર અને નિષ્પક્ષ ચૂંટણીની ખાતરી કરવામાં આવે. ચૂંટણીમાં ખર્ચ ઉપર નજર રાખવા ખાસ ટીમ બનાવવામાં આવી છે જે જીપીએસ સિસ્ટમથી સજ્જ રહેશે. આ ઉપરાંત ઉમેદવારની ચૂંટણી ગતિવિધિની રેકોર્ડિંગ પણ કરવામાં આવશે. શરાબ વિતરણ જેવી ગતિવિધિઓ ઉપર અંકુશ રાખવા માટે પોલીસ ટુકડી તૈયાર રહેશે. પ્રતિ ઉમેદવાર ખર્ચની ઈ-પેમેન્ટ ગેટવેની વ્યવસ્થા રહેશે.

## ચૂંટણી કાર્યક્રમ

**પ્રથમ તબક્કાનો કાર્યક્રમ**

- પ્રથમ તબક્કામાં ૧૯ જિલ્લામાં ૮૯ સીટ પર મતદાન
- પ્રથમ તબક્કામાં ૨.૧ કરોડ મતદારો મતદાન કરશે
- ૧૪મી નવેમ્બરે જાહેરનામુ જારી કરાશે
- ૨૧મી નવેમ્બરે ઉમેદવારી પરત ખેંચવાની તારીખ રહેશે
- ૨૨મી નવેમ્બરે ઉમેદવારી પત્રોની ચકાસણી થશે
- ૯મી ડિસેમ્બરે પ્રથમ તબક્કામાં મતતદાન થશે

**બીજા તબક્કાનો કાર્યક્રમ**

- બીજા તબક્કામાં ૧૪ જિલ્લામાં ૯૩ સીટ પર મતદાન
- બીજા તબક્કામાં ૨.૨૧ કરોડ મતદારો મતદાન કરશે
- ૧૪મી નવેમ્બરે જાહેરનામુ જારી કરાશે
- ૨૭મી નવેમ્બરે ઉમેદવારી પરત ખેંચવાની તારીખ રહેશે
- ૨૮મી નવેમ્બરે ઉમેદવારી પત્રોની ચકાસણી થશે
- ૧૪મી ડિસેમ્બરે બીજા તબક્કામાં મતતદાન થશે

## દરેક વિધાનસભા મતવિસ્તારમાં એક જગ્યાએ ઓલ વુમન મતદાન મથક

- ૧૮૨ સીટોની ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ૫૦૧૨૮ મતદાન મથકો રહેશે
- દરેક મતદાન મથકો ઉપર વીવીપેટ મશીનનો ઉપયોગ કરવામાં આવશે
- દરેક ઉમેદવાર માટે ચૂંટણી ખર્ચની મર્યાદા ૨૮ લાખ નક્કી કરાઈ. જેની વિગત ૭૫ દિવસમાં આપવી પડશે. ચૂંટણી ખર્ચ માટે દરેક ઉમેદવારને બેંક ખાતા નવા ખોલાવવા પડશે
- આચારસંહિતા તાત્કાલિક ધોરણે અમલી બની
- ચૂંટણી પંચ દ્વારા દરેક વિધાનસભા મતવિસ્તારમાં એક જગ્યાએ ઓલ વુમન મતદાન મથક રહેશે
- સીસીટીવી કેમેરા દરેક મતદાન મથકો ઉપર ગોઠવાશે
- શરાબ અને નાણાના આડેધડ ઉપયોગને રોકવા બોર્ડર ચેકપોસ્ટનો ઉપયોગ કરાશે
- કોમન આઈટી પ્લેટફોર્મ અને મોબાઈલ એપ કોઈપણ ફરિયાદ માટે સામાન્ય લોકો માટે ગોઠવાશે

# ગાંધીનગર સહિત ૧૪ જિલ્લાઓમાં બીજા તબક્કામાં મતદાન

**૨૦ નવેમ્બરથી ઉમેદવારી પત્ર ભરવાની પ્રક્રિયા શરૂ થશે : ૧૪ ડિસેમ્બરે મતદાન : સ્ટેટીક સર્વેલન્સમાં સામાન્ય માણસને પરેશાની ના થાય તે માટે જિલ્લાકક્ષાએ ફરિયાદ નિવારણ સમિતિની રચના કરવામાં આવી છે : સ્વૈન**

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લાની પાંચ બેઠકો સહિત ૧૪ જિલ્લાની ૯૩ બેઠકોનો ચૂંટણી જંગ ૧૪મી ડિસેમ્બરના રોજ યોજાશે.

આ માટે ચૂંટણીનું જાહેરનામુ ૨૦-૧૧-૧૭ને સોમવારના રોજ જાહેર થતાં જ ઉમેદવારીપત્ર ભરવાની પ્રક્રિયાનો પ્રારંભ થશે.

ઉમેદવારી પત્ર ભરવાનો અંતિમ દિવસ ૨૭-૧૧-૧૭ રહેશે. જ્યારે ભરાયેલા ઉમેદવારીપત્રોની ચકાસણી ૨૮ નવેમ્બરના મંગળવારના રોજ હાથ ધરવામાં આવશે. ઉમેદવારી પત્ર પાછા ખેંચવાનો અંતિમ દિવસ ૩૦-૧૧-૧૭ને ગુરૂવાર રહેશે. જ્યારે મતદાન ૧૪-૧૨-૧૭ને ગુરૂવારના રોજ યોજવામાં આવશે.

મતદાન માટેના સમય અંગે પંચ દ્વારા હજુ વિચારણા ચાલી રહી



હોવાનું રાજ્યના ચૂંટણી અધિકારી સ્વૈને જણાવ્યું છે. હાલ સવારના ૮ થી ૫નો સમય જ છે.

મતગણતરીનું કામ જે તે જિલ્લા મથકો પર ૧૮મીએ સવારે શરૂ થશે અને બપોર સુધીમાં બધા પરિણામો આવી જશે.

તેમણે જણાવ્યુ હતુ કે બીજા તબક્કામાં જ્યાં મતદાન યોજાવાનું છે તે જિલ્લાઓમાં અમદાવાદ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, ગાંધીનગર, આણંદ, ખેડા, મહીસાગર, પંચમહાલ, દાહોદ, વડોદરા અને છોટાઉદેપુરનો સમાવેશ થાય છે.

સ્ટેટીક સર્વેલન્સ ટીમ દ્વારા કે ફલાઈંગ સ્કવોડ દ્વારા સામાન્ય માણસને કોઈ પરેશાની ના થાય તે માટે પંચે ખાસ સૂચનાઓ આપી છે. તેમણે કહ્યું હતું કે ૫૦ હજારથી વધુ રોકડ રકમ લઈ જઈ શકાશે નહિ. જો કે રાજકીય પક્ષ સાથે કે કોઈ ઉમેદવાર સાથે તે વાહન કે વ્યક્તી પકડાશે તો જરૂરી કાર્યવાહી

● અનુસંધાન પાના - ૭ પર

# નોટબંધીને કાળા નાણા વિરોધી દિન મનાવવા ભાજપનો નિર્ણય

નવી દિલ્હી, તા. ૨૫

૮મી નવેમ્બરના દિવસે નોટબંધીને અમલી કરવામાં આવ્યાને એક વર્ષ પૂર્ણ થઈ રહ્યું છે ત્યારે ૮મી નવેમ્બરના દિવસે મોટી રાજકીય લડાઈ જોવા મળી શકે છે. એકબાજુ વિપક્ષે



નોટબંધીને લઈને કાળો દિવસ મનાવવાની જાહેરાત કરી છે જ્યારે બીજી બાજુ ભાજપે ૯મી નવેમ્બરના દિવસે નોટબંધીની સફળતા માટે જશ્ન મનાવવાની આજે જાહેરાત કરી હતી. પાર્ટી આ દિવસે કાળા નાણા વિરોધી દિવસ મનાવશે. આજે કેન્દ્રીય નાણાંમંત્રી અરુણ જેટલી દ્વારા આ અંગેની જાહેરાત કરવામાં આવી હતી. જેટલીએ કહ્યું હતું કે, આ દિવસના માધ્યમથી ભાજપ કાળા નાણાની સામે લેવામાં આવી રહેલા પગલાઓ અંગે લોકો સુધી માહિતી પહોંચાડશે. જેટલીએ આ અંગે આજે પત્રકાર પરિષદ દરમિયાન કોંગ્રેસ ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા. જેટલીએ કહ્યું હતું કે, જ્યારે કેન્દ્રમાં ભાજપ સરકાર બની હતી ત્યારથી જ હજુ સુધી સરકારે કાળા નાણાની સામે સતત કઠોર પગલા લીધા છે. કાળા નાણાની સામે એસઆઈટીની રચના સરકાર બન્યા બાદ તરત જ કરવામાં આવી હતી. જેટલીએ કહ્યું હતું કે, કાળા નાણાની સામે કાર્યવાહી કરવા માટે સરકારે શ્રેણીબદ્ધ કાયદાઓને બદલી નાંખ્યા હતા. વિદેશોમાં જમા રહેલી રકમને પરત લાવવા માટે અનેક દેશો સાથે સમજૂતિ કરવામાં આવી હતી. સરકારનો હેતુ કાળા નાણાની વ્યવસ્થાને સંપૂર્ણ ખતમ કરવાનો છે. કોંગ્રેસને ટાર્ગેટ બનાવતા જેટલીએ કહ્યું હતું કે, કોંગ્રેસની પાસે સત્તામાં રહેવાની પુરતી તકો હતી પરંતુ તેમને યાદ આવતું નથી કે, કોંગ્રેસે કાળા નાણાની સામે એક પણ પગલા લીધા હતા. જેટલીએ ફરીએકવાર નોટબંધીને લઈને થયેલા ફાયદાઓનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે, નોટબંધીથી કાળા નાણા ઉપર બ્રેક મુકવામાં સફળતા મળી છે. સાથે સાથે આતંકવાદ ઉપર પણ કાબૂ મેળવવામાં સફળતા મળી છે. નોટબંધી પોતાના ઉદ્દેશ્યમાં સંપૂર્ણ સફળ છે. હવે જીએસટીના માધ્યમથી એક નવો તબક્કો શરૂ થયો છે. દેશને કેશલેસની દિશામાં લઈ જવાની પહેલ ઐતિહાસિક પહેલ છે. શરૂઆતમાં તકલીફ પડી રહી છે પરંતુ લાંબાગાળે દેશના હિતમાં આ પગલા અભૂતપૂર્વ સાબિત થશે.

# આધાર કાર્ડને લિંક કરવાની સમય મર્યાદા ૩૧મી માર્ચ

નવીદિલ્હી, તા. ૨૫

સરકારી યોજનાઓનો લાભ ઉઠાવવા માટે આધાર કાર્ડને ફરજિયાતપણે લિંક કરવા માટેની સમય મર્યાદા ૩૧મી ડિસેમ્બરથી વધારીને ૩૧મી માર્ચ ૨૦૧૮ કરી દેવામાં આવી છે. કેન્દ્ર સરકારે આજે સુપ્રીમ કોર્ટમાં આ અંગેની માહિતી આપી હતી. એડવોકેટ જનરલ કેકે વેણુગોપાલે કહ્યું હતું કે, દેશની સૌથી મોટી અદાલતમાં કહેવામાં આવ્યું છે કે, કેન્દ્ર સરકાર એવા લોકોને નિસહાય કરવા કોઈ પગલા લેશે નહીં. જેમની પાસે હજુ સુધી આધાર કાર્ડ નથી. તેમણે સામાજિક કલ્યાણ યોજનાઓનો લાભ લેવાથી ૩૧મી માર્ચ સુધી રોકવામાં આવશે નહીં. કેન્દ્ર સરકારે આ અગાઉ બેંક એકાઉન્ટને ૧૨ આંકડાવાળા યુનિક નંબરથી જોડવાની સમય મર્યાદા ૩૧મી ડિસેમ્બર ૨૦૧૭ કરી હતી પરંતુ હવે આ સમય મર્યાદા વધારીને ૩૧મી માર્ચ કરી દેવામાં આવી છે. મોબાઈલ અને બેંક એકાઉન્ટને આધાર સાથે જોડવાની બાબતને ફરજિયાત કરી દેવામાં આવી છે. મોબાઈલ અને એકાઉન્ટને આધાર સાથે જોડવાને ફરજિયાત કરવા અને તેની બંધારણીય કાયદેસરતાને પડકાર ફેંકીને સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી. અરજી કરનારને આધારને બેંક એકાઉન્ટ અને મોબાઈલ સાથે લિંક કરવાની બાબતને ગેરકાયદે ગણાવી હતી અને કહ્યું હતું કે, આધાર કાર્ડને બેંક એકાઉન્ટ સાથે નહીં જોડવા પર નાગરિક પીએમએલએ હેઠળ અભિયોજન માટે ઉત્તરદાયી થઈ જશે. કેકે વેણુગોપાલે સુપ્રીમ કોર્ટમાં તર્કદાર દલીલો કરી હતી અને કહ્યું હતું કે, બેંક એકાઉન્ટ અને આધાર કાર્ડ લિંકિંગ પર તેઓ કેન્દ્ર સરકારના નિર્દેશ લીધા બાદ સોમવારના દિવસે વધુ રજૂઆત કરશે.

# ગુજરાતમાં આઈએસના બે ત્રાસવાદી ઝડપાયા

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી પહેલા આતંક મચાવવાનો ઈરાદો ધરાવનાર બે કુખ્યાત ત્રાસવાદીઓની ધરપકડ કરવામાં આવી છે. ઝડપાયેલા ત્રાસવાદીઓ પાસેથી મોબાઈલ અને પેન ડ્રાઈવ કબજે કરવામાં આવી છે. ઝડપાયેલા બંને ત્રાસવાદીઓની ઓળખ પણ કરી લેવામાં આવી છે જે પૈકી એક ઓબેદ મિર્ઝા અને બીજો કાસિમ સ્ટીમરવાલા તરીકે ઓળખાયો છે. બંને આઈએસના ત્રાસવાદી હોવાની વિગતો સાંપડી છે. અમદાવાદમાં આ ત્રાસવાદીઓ હુમલા કરવાની યોજના બનાવતા હતા. ચોક્કસ બાતમી મળ્યા બાદ એટીએસે જાળ બિછાવી હતી જેના આધાર પર બંનેને જુદી જુદી જગ્યા પરથી પકડી પાડવામાં આવ્યા છે. આઈએસના આ ત્રાસવાદીઓની ધરપકડ કરવામાં આવ્યા બાદ આકરી પુછપરછનો દોર શરૂ થયો છે. અમદાવાદમાં હુમલો કરવાની ખતરનાક યોજના આ લોકોએ કરી હતી.




ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

વજન વધારો/ઘટાડો ઘેર બેઠા
(સલામત અને અસરકારક રીતે)
૧ મહિનામાં ૫ kg સુધી
સ્કીન ન્યુટ્રીશન અને ન્યુટ્રીશન માટે મળો
પારૂલ : 96014 53997, 94299 01955




ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય